## **:: સજા અંગે સાંભળ્યા ::**

(૨૧) આરોપી નં.૧ તથા તેમના વિ.વ.શ્રી હાજર છે. આરોપી નં.૧ ના વિ.વકીલશ્રી અને વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા. આરોપી નં.૧ તરફે તેઓના વિ.વ.શ્રીએ રજુઆત કરેલ છે કે, આરોપી નં.૧ નો આ પ્રથમ ગુન્હો છે અને તેણી કોઈ ગુનાહિત ઈતિહાસ ધરાવતી નથી. આરોપી નં.૧ ગરીબ વર્ગના છે. આરોપી નં.૧ એ બાઈ માણસ છે અને તેણીને બે નાના બાળકો છે અને આરોપી નં.ર તેણીના પતિ થાય છે, જેથી જો તેણીને વધુ સજા કરવામાં આવે તો તેણીના પારિવારિક જીવનમાં ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે, જેથી આરોપી નં.૧ ઉપર દયા રાખી આરોપી નં.૧ ને ઓછામાં ઓછી સજા કરવા અરજ કરેલ છે.

(૨૨) વિ.એ.પી.પી.શ્રી તરફે રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામના આરોપી નં.૧ સામેનો ગુનો સાબિત થયેલ છે. આ આરોપી નં.૧ એ સભ્યસમાજના જવાબદાર નાગરિક હોવા છતાં તેણીએ આ કામના ફરીયાદીને લોખંડની નરાશ વડે શરીરે ઈજા કરેલ છે અને ફરીયાદીને ગાળો બોલી અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આરોપી નં.૧ નાએ આચરેલ ગુનાની ગંભીરતા ઓછી આંકી શકાય તેમ નથી. આરોપી નં.૧ ને ઓછી સજા કરવામાં આવે તો સમાજમાં તેની વિપરીત અસર પડે તેમ છે. આરોપી નં.૧ ને ઓછી સજા કરવામાં આવે તો આવા ગંભીર ગુનાની સમાજમાં અસર રહે નહી અને સમાજમાં ખોટો સંદેશ જાય, જેથી હાલના કેસના સંજોગો ઘ્યાને લઈ આરોપી નં.૧ ને સમાજમાં દાખલો બેસે તેવી મહત્તમ સજા કરવા માટે રજુઆત કરેલ છે.

(૨૩) ઉપરોકત રજુઆતો ઘ્યાનમાં લીધેલ છે. આ કામના આરોપી નં.૧ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો સાબિત થયેલ છે. આ કેસના સંજોગો ઘ્યાને લેવામાં આવે તો, આરોપી નં.૧ નાઓ કે જે મહિલા હોવા છતાં તેણીએ આ કામના ફરીયાદી કે જેણી પણ એક મહિલા છે તેણીને લોખંડની નરાશ વડે શરીરે ઈજા કરેલ છે અને ફરીયાદીને ગાળો બોલી

અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે. આ કામે આરોપી નં.૧ તરફે ભારપૂર્વક રજુઆત કરવામાં આવેલ છે કે, તેણી બાઈ માણસ છે અને તેણીને બે નાના બાળકો છે અને તેણી જેલમાં જાય તો તેણીના બે નાના બાળકોને ખુબ જ તકલીફ વેઠવી પડે તેમ છે, જેથી ઓછી સજા કરવા વિનંતી કરેલ છે પણ અદાલતે સાથે સાથે ઈજા પામનારને થયેલ લોહીયાળ ઈજાઓ અને તેણે સહન કરેલ પીડાની પણ હકીકત ધ્યાને લેવાની રહે છે. જે વ્યકિત ઈજા પામનાર છે તેને પણ ન્યાય મળ્યાનો અહેસાસ થવો જોઈએ અને સમાજમાં આવા ગંભીર ગુના અટકે તે માટે યોગ્ય સંદેશ પણ જવો જોઈએ. હાલના કેસમાં આરોપી નં.૧ નાએ ઈજા પામનાર ફરીયાદીને જમણા પગે ઢીંચણ નીચે નરાશ વડે ઈજાઓ કરેલ છે. હવે આ તબકકે આરોપી નં.૧ ને કેટલી સજા કરવી જોઈએ તે નકકી કરવાનું રહે છે જે અન્વયે બન્ને પક્ષોની રજુઆતો ધ્યાને લેતા આરોપી નં.૧ ને અગાઉ કોઈ ગુનામાં સજા થયેલ નથી તે બાબતે કોઈ તકરાર નથી તેમજ તેણી બે નાના બાળકોની માતા છે તે હકીકત ધ્યાને લેતા તેમજ આરોપી નં.૧ એ આચરેલ ગુનાની ગંભીરતા ધ્યાને લેતા તેમજ ફરીયાદીએ વેઠેલ પીડાની હકીકત ધ્યાને લેતા આરોપી નં.૧ ને એટલી યોગ્ય અને વ્યાજબી સજા તો અવશ્ય થવી જોઈએ કે જેથી ન્યાયનો હેતુ જળવાઈ રહે અને સમાજમાં ખોટો સંદશો ના જાય. સબબ ઉપરોકત હકીકતો, વિગતો તથા આ કેસના સંજોગો લક્ષમાં લઈ આરોપી નં.૧ ને સજા કરતો **મુદ્દા નં.ર** પરત્વે નીચે મુજબનો **આખરી હુકમ** ન્યાયના હિતમાં ફરમાવવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

(૧) આ કામના આરોપી **સેજલબેન વા/ઓ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.ર૮, રહે. ઉનાળીયા, બિલેશ્વર મહાદેવ વિસ્તાર તાબે ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાનાઓને**

ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની  કલમ– ૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩** મુજબના સજા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક (૧) માસની સાદી કેદની સજા તથા આરોપી નં.૧ ને રૂ.૫૦૦/– નો દંડ કરવામાં આવે છે અને આરોપી નં.૧ નાઓ જો આ દંડની રકમ ન ભરે તો તેઓને તે બદલ વધુ દસ (૧૦) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ કામના આરોપી **સેજલબેન વા/ઓ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.૨૮, રહે. ઉનાળીયા, બિલેશ્વર મહાદેવ વિસ્તાર તાબે ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાનાઓને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની  કલમ– ૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૫૦૪** મુજબના સજા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક (૧) માસની સાદી કેદની સજા તથા આરોપી નં.૧ ને રૂ.૪૫૦૦/– નો દંડ કરવામાં આવે છે અને આરોપી નં.૧ નાઓ જો આ દંડની રકમ ન ભરે તો તેઓને તે બદલ વધુ દસ (૧૦) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામના આરોપી **સેજલબેન વા/ઓ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.૨૮, રહે. ઉનાળીયા, બિલેશ્વર મહાદેવ વિસ્તાર તાબે ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાનાઓને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની  કલમ– ૨૪૮(૨) અન્વયે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૫૦૬(૨)** મુજબના સજા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક (૧) માસની સાદી કેદની સજા તથા આરોપી નં.૧ ને રૂ.૪૫૦૦/– નો દંડ કરવામાં આવે છે અને આરોપી નં.૧ નાઓ જો આ દંડની રકમ ન ભરે તો તેઓને તે બદલ વધુ દસ (૧૦) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામના આરોપી **સેજલબેન વા/ઓ વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.૨૮, રહે. ઉનાળીચા, બિલેશ્વર મહાદેવ વિસ્તાર તાબે ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાનાઓને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૨) અન્વયે **જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના સજા પાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી એક (૧) માસની સાદી કેદની સજા તથા આરોપી નં.૧ ને રૂા.૫૦૦/– નો દંડ કરવામાં આવે છે અને આરોપી નં.૧ નાઓ જો આ દંડની રકમ ન ભરે તો તેઓને તે બદલ વધુ દસ (૧૦) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૫) આ કામના આરોપી **વિક્રમભાઈ અર્જુનભાઈ પરમાર, ઉ.વ.૩૨, રહે. ઉનાળીચા, બિલેશ્વર મહાદેવ વિસ્તાર તાબે ગોળજ, તા.ઠાસરા, જિ.ખેડાનાઓને** ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૨૪૮(૧) અન્વયે **ભારતીય દંડ સંહિતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫** મુજબના ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે આરોપી નં.૧ એ જો ટ્રાયલ દરમ્યાન કાચા કામના કેદી તરીકે કોઈ સજા ભોગવેલ હોય તો ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૪૨૮ અન્વયે તેઓએ ટ્રાયલ દરમ્યાન ભોગવેલ સજા મજરે આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૭) આ કામના આરોપી નં.૧ ને આ કેસમાં કરેલ તમામ સજાઓ ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૧ ની જોગવાઈ મુજબ એકીસાથે ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૮) આ કામે મુદ્દામાલ પાવતી નં.૩૭/૨૦૨૪, તા.૦૮/૦૪/૨૦૨૪ માં જણાવેલ મુદ્દામાલ નરાશ–૦૧ નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૯) આ કામના આરોપીઓએ અગાઉ આપેલ જામીન તથા જાતમુચરકા રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૧૦) ફોજદારી કાર્યરીતિ સંહિતા, ૧૯૭૩ ની કલમ–૩૬૩(૧) મુજબ આરોપી નં.૧ ને આ હુકમની એક નકલ તાત્કાલિક વિના મુલ્યે આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૩૦મી, માહે–એપ્રિલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
on 30/04/2026 17:14:58 IST.

તારીખ :૩૦/૦૪/૨૦૨૬
સ્થળ : ઠાસરા

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
જ્યુડી.મેજી.ફ.ક., ઠાસરા
જીજે ૦૧૪૫૫